અમદાવાદમાં કોરોનાના કેસ ૧૫ હજારને પાર

રાજ્યમાં નવા ૫૧૦ કેસ, ૩૪નાં મોત : અમદાવાદમાં ૩૪૩ કેસ સપાટી પર આવ્યા : કુલ મૃત્યુઆંક ૧૩૪૭ પર પહોંચ્યો : ૩૭૦ દર્દીઓ સાજા થઈ ઘરે પરત ફર્યા : ૨૬૬૪૦૪ના ટેસ્ટ કરવામાં આવ્યા

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૦ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા કુલ કોરોનાથી સંક્રમિત દર્દીનો આંકડો ૨૦૫૫૪ પર પહોંચ્યો છે અને વધુ ૩૪ વ્યક્તિઓના મોત થતા મૃત્યુઆંક ૧૩૪૬ થયો છે. ૬૯ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. ગુજરાતમાં ૧૪૭૪૩ દર્દીઓ કોરોનાથી સાજા થઈ ઘરે પરત ફર્યા છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીમાં વધારો થતાં ૫૦૦ને પાર થઈ ૫૧૦ નવા દર્દી નોંધાયા હતા. આજે રાજ્યમાં કોરોનાને લીધે ૩૪ વ્યક્તિઓના મોત થયા હતા. જેમાં અમદાવાદમાં ૨૬, સુરત અને અરવલ્લીમાં ૨-૨, ગાંધીનગર, ભાવનગર, બનાસકાંઠા અને સાબરકાંઠામાં ૧-૧ વ્યક્તિઓના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૩૪૭ મૃત્યુ નોંધાયા છે. અમદાવાદમાં ૩૪૩, સુરતમાં ૭૩, વડોદરામાં ૩૫, ભાવનગરમાં ૮, ખેડામાં ૬, રાજકોટમાં ૫, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, સાણંદ, સુરેન્દ્રનગરમાં ૪-૪, ગાંધીનગર, કચ્છ, જામનગર, જુનાગઢ, પોરબંદર અને મોરબીમાં ૨-૨, પંચમહાલ, પાટણ, છોટા ઉદેપુર અને અન્ય રાજ્યમાં ૩-૩ નોંધાયા છે. રાજ્યમાં આજે કુલ એકટીવ કેસમાં ૬૯ વ્યક્તિ વેન્ટીલેટર પર અને ૫૩૯૫ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬૬૪૦૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાં ૨૧૨૨૯૧ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૫૭૪૬ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૬૫૪૫ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોનાનો આતંક દિવસે ને દિવસે વધતો જ જઈ રહ્યો છે. જેમાં અમદાવાદમાં કોરોનાએ હાહાકાર મચાવી રાખ્યો છે. અનલોક બાદ કોરોનાના આંકડામાં વધારો જ થઈ રહ્યો છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૫૩૦૫	૧૦૯૨	૧૦૬૪૪
સુરત	૨૨૮૧	૯૨	૧૫૧૩
વડોદરા	૧૩૯૫	૪૩	૮૭૫
ગાંધીનગર	૪૩૪	૧૯	૨૦૩
ભાવનગર	૧૫૪	૧૧	૧૦૯
બનાસકાંઠા	૧૪૫	૦૭	૧૦૭
આણંદ	૧૧૯	૧૧	૯૫
રાજકોટ	૧૩૮	૦૫	૮૧
અરવલ્લી	૧૩૦	૧૦	૧૧૫
મહેસાણા	૧૬૫	૦૮	૯૬
પંચમહાલ	૧૦૯	૧૩	૮૧
બોટાદ	૬૦	૦૨	૫૫
મહીસાગર	૧૧૬	૦૨	૧૦૭
ખેડા	૧૦૦	૦૪	૬૩
પાટણ	૧૦૭	૦૭	૭૩
જામનગર	૬૮	૦૩	૪૫
ભરૂચ	૬૨	૦૪	૩૫
સાબરકાંઠા	૧૩૧	૦૫	૯૨
ગીર-સોમનાથ	૪૮	૦૦	૪૫
દાહોદ	૪૬	૦૦	૩૨
છોટાઉદેપુર	૩૮	૦૦	૩૨
કચ્છ	૯૩	૦૫	૬૭
નર્મદા	૨૩	૦૦	૧૮
દેવભૂમિ દ્વારકા	૧૫	૦૦	૧૨
વલસાડ	૫૭	૦૨	૨૯
નવસારી	૩૫	૦૧	૨૩
જૂનાગઢ	૩૯	૦૧	૨૯
પોરબંદર	૧૪	૦૨	૦૯
સુરેન્દ્રનગર	૬૦	૦૨	૩૩
મોરબી	૦૪	૦૦	૦૪
તાપી	૦૬	૦૦	૦૫
ડાંગ	૦૪	૦૦	૦૨
અમરેલી	૧૯	૦૨	૦૯
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	**૨૧૫૫૪**	**૧૩૪૭**	**૧૪૭૪૩**

વધુ બે કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં જે ૧૮ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે તેમાં કલોલના ૬, ગાંધીનગરના ૬, દહેગામના પાંચ અને માણસા તાલુકાના ૧ દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા બે કેસમાં એક પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર નજીક આવેલ કુડાસણ ગામેથી એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી સામાજિક કામને લઈ અને અમદાવાદના મેમ્કો વિસ્તારમાં ગયો હોવાનું જાણવા મળેલ છે. ૬૫ વર્ષીય આ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાટ ગામની એક મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

દરમ્યાન જિલ્લા આરોગ્યતંત્રએ જણાવ્યુ છે કે આજે ૧૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૭ પુરૂષ દર્દી અને ૩ મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે. આજે જે ૧૦ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે તેમાં કલોલ તાલુકાના ૪ પુરૂષ દર્દી અને ૨ મહિલા દર્દી મળી કુલ ૬ દર્દીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાતંત્રએ જણાવ્યુ છે કે જિલ્લામાં હાલ ૧૨૦૧૯ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જિલ્લામાં નોંધાયેલ દર્દીઓ પૈકી ૧૪૦ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧૫૪ લોકોના સેમ્પલ લઈ અને તેમના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

દૂષિત પાણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા ડોકાતા નથી. જેના લીધે ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. ગંદકી અને દુર્ગંધ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રોગચાળો જોર પકડે તેવી દહેશત છે. કોરોનાની મહામારીની સ્થિતિમાં આમ નાગરિકોની સમસ્યા જાણે કોરાણે મુકાઈ ગઈ છે. સેકટરોમાં ઘર આંગણે સર્જાતી સમસ્યાઓનુ નિરાકરણ આવતુ નથી. સે-૨૯ માં ગટરોની સમસ્યા ત્વરિત નિરાકરણ લાવવા માટે કામ હાથ ધરાય તેવી પણ રજુઆત સ્થાનિકોએ કરી છે.

મોડમાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીનો ફોન આઠ મહીનાથી બંધ છે. જિલ્લા વન અધિકારીની કચેરી જ સંપર્ક વિહોણી છે. આ ઉપરાંત સે-૧૬ માં કાર્યરત રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરીનો ફોન પણ ૬ મહીનાથી બંધ છે. વધુમાં વન ચેતના કેન્દ્રમાં ફોરેસ્ટ પબ્લીક કંટ્રોલ ફોનની લાઈન પણ એક વર્ષથી બંધ છે. જેના લીધે વરસાદી સંજોગો સહીત આડા દિવસોમાં નાગરિકો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હોવાની સાથે વન્ય પ્રાણી સહીત અન્ય બાબતો અંગે પણ વનતંત્રને ટેલીફોનિક જાણ કરી શકતા નથી. આ અંગેની ફરિયાદ માટે વનતંત્રએ ૨૩૨૬૦૬૩૨ નંબર આમ નાગરિકોની ફરિયાદ માટે નિયત કર્યો છે. પરંતુ આ ફોન લાંબા સમયથી બંધ હાલતમાં છે. વનવિભાગની કચેરીના ત્રણેય ફોન અનેક રજુઆતોના અંતે બંધ છે. બી એસ એન એલ ના અધિકારીઓ ફોન પણ ઉપાડતા નથી. રજુઆત સાંભળતા નથી સેકટરોમાં પણ ઘણાં ફોન બંધ છે. બી એસ એન એલનુ તંત્ર સદંતર ખાડે ગયુ છે. લેન્ડલાઈન સર્વિસના નામે માત્ર બીલના જ ઉઘરાણા કરે છે. ગ્રાહકોને સર્વિસ આપવાની વાત સદંતર વિસરાઈ ગઈ છે. કોરોનાની મહામારી આવી તે પહેલાથી જ ગાંધીનગર સ્થિત ડિવીઝનલ કચેરી જાણે લોકડાઉનમાં હોય તેવી ફરિયાદો પણ સ્થાનિક નાગરિકો કરી રહ્યા છે. ડેપ્યુટી એન્જિનિયર પી એ પટેલને પણ અનેક રજુઆતો કરવામાં આવે છે. આમછતા હવે અધિકારીઓ પણ આમ નાગરિકોના કોલ પણ રીસીવ કરતા નથી.

બેઠક મળશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એસ-૧ આવનાર ઈજારદારને આ કામગીરી સોંપવા અંગે કમિશનરની દરખાસ્ત પર નિર્ણય થશે.

આ બેઠકમાં મનપા વિસ્તારમાં અંગ કસરતના સાધનો પૂરા પાડવા અંગે રૂ. ૨.૩૧કરોડના અંદાજ સાથે ટેન્ડર જારી કરાયુ હતુ પરંતુ આશ્ચર્ય વચ્ચે ૪૧.૬૬ ટકા જેટલુ ટેન્ડર નીચે આવતાં આ બેઠકમાં શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

સતત ત્રણ બેઠકથી દૂર રહેલા મ્યુનિ. કમિશનરશ્રી આ બેઠકમાં હાજરી આપે છે કે નહિ તેને લઈ પણ રાજકીય ગલિયારીઓમાં ચર્ચાઓ અને અટકળો શરૂ થઈ છે. અનલોક-૧ અમલી બન્યા પછી સ્થાયી સમિતિની આ બીજી બેઠક મળી રહી છે.

આશાવર્કર શિલ્પાબહેનના સાહસિક કદમ

કોરોનાગ્રસ્ત પરીવારે હુમલો કર્યો છતાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૧૪ દિવસ સર્વે કર્યો

રાજ્યના લોકો આરોગ્યની દરકારમાં જો કોઇ પાયાનું કામ કરતા હોય તો એ છે. ગામડા ગામની એક સામાન્ય આશા કાર્યકર, આવી જ એક આશા બહેને કોરોનાના કપરા સમયે પોતાના પર હુમલો થયો પણ સર્વે ન છોડ્યો અને ગામને કોરોના મુક્ત કરવા માટે સાહસિક કદમ ભર્યા હતા.

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધ્યુ તો તેમાં ગ્રામ્ય વિસ્તાર પણ સપડાયો,

જેમા આદિજાતિ એવા મેઘરજ તાલુકાના ગામોમાં પણ કેસ નોંધાયા તો આવા વિસ્તારના લોકોને સૌ પ્રથમ હોમ કોરોન્ટાઈન કરવાથી લઇ આસપાસના લોકો સંક્રમણમાં ન આવે તેની તકેદારી રાખવાનું કામ પાયાના એવા ગામની આશા બહેનો જ કરતી હોય છે. અરવલ્લીની આવી જ એક આશા બહેન છે જેના પર કોરોનાગ્રસ્ત પરીવારે હુમલો કર્યો તોય આ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં જઇ સતત ચૌદ દિવસ સર્વે પૂર્ણ કર્યો અને લોકોને મહામારી અંગે જાગૃત કર્યા હતા. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગાય-વાછરડા ગામની જયાં અમદાવાદથી આવેલા એક પરીવારે પોતાના ટેસ્ટ કરવાની વાત દૂર રહી પણ સર્વેમાં નામ આપવાનો ઇન્કાર કરી, સર્વેમાં આવનાર બહેનો પર હુમલો કરી દિધો.

ગાય-વાછરાડા ગામની આશા કાર્યકર બહેન શિલ્પાબેન અસારીના જણાવ્યા અનુસાર અમારા ગામમાં આંતર જિલ્લામાંથી આવનાર પ્રવાસીઓની વિગત એકત્ર કરવાનું કામ હોય છે, ત્યારબાદ આ પ્રવાસીઓને હોમ કોરોન્ટાઇન કરવાના હોય છે અને પછી લોકોને સેમ્પલ લેવાની પક્રિયા માટે સમજાવી, તેમના રીપોર્ટ પોઝિટીવ આવે તો આસપાસ વિસ્તારમાં સર્વે શરૂ કરવાનો, આવો જ બનાવ મારા ગામમાં બન્યો કે અમદાવાદથી આવેલા પરીવારની હું વિગત એકત્ર કરવા ગઇ તો પ્રથમવાર તો મળ્યા જ નહિ, બીજીવાર ગઇ તો તેમના પરીવારમાં કોણ કોણ છે ને ક્યારે આવ્યા તો વિગત આપવામાં આનાકાની કરી, એ જ સમયગાળા દરમિયાન અમારા આરોગ્ય વિભાગ દ્વારા આ પરીવારના સભ્યોનું કોરોનાનું સેમ્પલ લેવામાં આવ્યું જેમાંથી તેમની દિકરીનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો, જેને લઇ તંત્ર દ્વારા આ ગામના વિસ્તારને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરાયો અને આવશ્યક સેવાઓ સિવાય તમામ સેવાઓ પર પ્રતિબંધ આવી ગયો અને શરૂ થયો સર્વે હું જયારે એ જ વિસ્તારમાં ગઇ તો કોરોના કેસ મળી આવેલા પરીવાર હું કઇ બોલુ-પુછપરછ કરૂ એના પહેલા તો મારી સામે ગાળો બોલવાની ચાલુ કરી કહ્યુ કે તારા કારણે આખા ગામના રસ્તા બંધ થઇ ગયા, મારી દિકરીને તો શરદી-ખાંસી હતી ને તે ખોટો રીપોર્ટ કરાવી કોરોના લાવી છે, મારી દિકરીને હોસ્પિટલમાં કંઇ થશે તો તારી જવાબદારી એમ કરી હાથા-પાઇ સુધી વાત વણસી ગઇ પરંતુ મારી સાથેના આંગણવાડી અને મેલેરીયા વર્કર વચ્ચે પડી મને માંડ બચાવી.

આ સમગ્ર વાત મે મારા આરોગ્ય અધિકારીને કરી તેમને પોલીસ કેસ કરવાની વાત કરી પણ હું પોતે જ ગામમાં કાયમ જોડે રહેવાનું હોય ને દુશ્મનાવટ ક્યાં કરવી તેવી ઉદારતા સાથે વાતને જતી કરી, બીજા દિવસે પોલીસ રક્ષણ સાથે ગામમાં સર્વે શરૂ કર્યો ને ગામમાં ફરી કેસ ના આવે તે માટે સતત ચૌદ દિવસ કોરોના અંગે જાગૃત કર્યા હતા ગામને કોરોનામુક્ત બનાવવાની દિશામાં નિરાશ થયા વગર કામ કરતી પાયાની આશા કાર્યકર શિલ્પાબેન જેવા કોરોના વોરીયરને ખરેખર વંદન કરવાનું મન થાય.

ડીસા શહેરમાં કોરોનાની મહામારી

અને લોકડાઉન વચ્ચે સરકારીતંત્રની સાથે પોલીસ તંત્ર પણ ખડે પગે સેવા આપી રહ્યુ છે. શહેરના વિવિધ પોઈન્ટ પર હોમગાર્ડ, ટીઆરબી અને ગુજરાત પોલીસના ટ્રેનિંગ પોલીસના કર્મચારીઓ પણ નિષ્ઠાથી ફરજ નિભાવી રહ્યા છે, શહેરના ગંજ બજાર, શાક માર્કેટ, મુખ્ય બજાર તેમજ હાઈવે સર્કલ પર આ જવાનો ખડેપગે ઉભા રહીને કામ કરી રહ્યા છે.

ખેરાલુ, વડનગર, રણાસણ ખાતે તોલમાપ ખાતાના દરોડા : ૧૫૦ લાખના દંડની વસૂલાત

ખેરાલુ ખાતે અનાજ દળવાની ઘંટીના માલિક કમલેશભાઈ મોદી દ્વારા ગ્રાહકોને અનાજના લોટનો જથ્થો ઓછો આપવા અંગે ખાસ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રાહકોને લોટનો જથ્થો તેઓએ દળવા આપેલા અનાજના જથ્થા કરતા ઓછો આપતા હોવાનું માલુમ પડતા આ દુકાનદાર સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ ની કલમ-૩૦ના ભંગ સબબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી કેસ કરવામાં આવેલ અને રૂ. ૮ હજારનો દંડ વસુલવામાં આવેલ છે.

વડનગર ખાતે મે. પ્રવિણચંદ્ર શંકરલાલ ઠક્કરની દુકાન કે જેનો કિરાણા તેમજ પાન મસાલા, ગુટખાના વેચાણનો ધંધો કરે છે. તેઓને ત્યાં પણ આકસ્મિક રેડ કરી તપાસ હાથ ધરતા દુકાનના માલિક દ્વારા પાન-મસાલાના સીલબંધ પેકેજો પેક કરી વેચાણ કરવામાં આવતા હોવાનું માલુમ પડેલ. પરંતુ આ પેકેજો પર નિયમોનુસારના નિર્દેશનો દર્શાવેલ ન હોવાથી તેમજ તે અંગેનુ જરૂરી રજિસ્ટ્રેશન કરાવેલ ન હોવાથી ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ના કાયદા/નિયમોના ભંગ બદલ દુકાનના માલિક સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી કેસ કરવામાં આવેલ. આ બાબતે દુકાનદારે પોતે આ ક્ષતિઓની કબૂલાત કરતા આ દુકાનદારને રૂ. ૩૦ હજારના દંડની વસૂલાત કરવામાં આવેલ.

રણાસણ ખાતે આવા પાન-મસાલા ગુટખાના મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી પેક કરી ગ્રાહકોને વેચાણ કરતાં મે. ક્રિષ્ના કોર્પોરેશન 'કાકા મસાલા'ના નામે જાણીતી પેઢીના ઉત્પાદનના સ્થળે દરોડા પાડી ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ના કાયદા/નિયમોના ભંગ બદલ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમ્યાન આ કાકા મસાલાની પેઢીને ત્યાં વિપુલ પ્રમાણમાં પાન-ગુટખા મસાલાના પોતાની બ્રાન્ડના સીલબંધ પેકેજો મળી આવેલા. પેકેજો ઉપર કોઈપણ પ્રકારના નિર્દેશનો કરેલા ન હોવાનું માલુમ પડેલ તેમજ આ પ્રકારના પેકેજો બનાવવા અંગેનું રજીસ્ટ્રેશન પણ કરાવેલ ન હતુ. તથા ઉત્પાદનના સ્થળે વજન કરવા માટે ઉપયોગમાં લેવાતા વજનકાંટા નિયમો મુજબ સ્ટાન્ડર્ડતા ધરાવતા ન હતા અને સમયમર્યાદામાં ચોકસાઈ કરાવેલ ન હોવાનું જણાઈ આવેલ.

તમામ ગેરરિતીઓ અન્વયે રણાસણ ખાતેના આ ઉત્પાદક મે. ક્રિષ્ણા કોર્પોરેશન-કાકા મસાલાને ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ના કાયદા-નિયમોના ભંગ બદલ રૂ. ૧,૧૨,૫૦૦નો દંડ કરવામાં આવેલ છે.

તમામ સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકાર લેશે

ગાંધીનગર, તા. ૧૦

કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. હવે દેશ ધીમે-ધીમે અનલોક થઈ રહ્યો છે ત્યારે લગભગ બે મહિનાથી બંધ સ્કૂલોને હજી ખોલવામાં આવી નથી. આરોગ્ય અધિકારીઓની મદદથી રાજ્ય સરકાર ૧૫મી ઓગસ્ટ સુધીમાં સ્થિતિની સમીક્ષા કરશે અને ત્યારબાદ કોવિડ-૧૯ લોકડાઉનને કારણે બંધ કરાયેલી સ્કૂલો ફરી શરૂ કરવાનો નિર્ણય લશે. રાજ્ય સરકારે સ્કૂલો, શિક્ષકો અને લાગતા-વળગતા નિષ્ણાંતોને સ્થિતિની સમીક્ષા કરીને પોતાના અભિપ્રાય રજૂ કરવાનું સૂચન આપી દીધું છે. ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું, 'અમે નિરીક્ષણના તારણનો અભ્યાસ કરીશું અને તેની ચર્ચા વાલીઓ સાથે કર્યા પછી જ સ્કૂલો ફરી ખોલવા અંગે નિર્ણય લઈશું. મને વધુ ચિંતા ધોરણ ૧ થી ૫ ના બાળકોની છે. અમે ૧૫ જૂનથી ઓનલાઈન ક્લાસિસ શરૂ કરી રહ્યા છીએ અને વિદ્યાર્થીઓને પુસ્તકો મળી જાય તેવી પણ વ્યવસ્થા કરી છે.' આ દરમિયાન શહેરની મોટાભાગની સ્કૂલોમાં વર્ચ્યુઅલ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે. વિદ્યાર્થીઓએ પોતાના ઘરને જ ક્લાસરૂમ બનાવી દીધો છે. કોરોના વાયરસના સંકટ અને લોકડાઉન દરમિયાન શાળાઓએ નવી શિક્ષણ પદ્ધતિ અપનાવી છે અને તેઓ વર્ચ્યુઅલ ટાઈમ-ટેબલ નક્કી કરવામાં વ્યસ્ત છે. મોટાભાગની સ્કૂલોએ પુષ્ટિ કરી છે કે, તેઓ મર્યાદિત ડિજિટલ સ્ક્રીન અને વિદ્યાર્થીઓ આ સમયમાં કેટલું શીખી શકે છે તેના વચ્ચે સંતુલન જાળવવા પર ભાર આપી રહ્યા છે. ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓ માટે શાળાના સત્તાધીશોએ સ્કૂલ જેવી જ સ્ટડી પેટર્ન રાખી છે. જ્યારે નાના ધોરણના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય સાથે ઈત્તર પ્રવૃત્તિ પણ કરાવવામાં આવી રહી છે. જો કે સિનિયર કેજીથી ધોરણ ૩ સુધીના વિદ્યાર્થીઓને મોટાભાગની સ્કૂલો વીડિયો મોકલીને અભ્યાસ કરાવી રહી છે. શિક્ષકો અભ્યાસક્રમના વિષય પર વિડીયો તૈયાર કરે છે અને વાલીઓ સાથે શેર કરે છે. જેથી તેઓ વિદ્યાર્થીઓને બતાવી શકે. જો કે, આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓની પોતાની જ સમસ્યા છે. એક વિદ્યાર્થિની માના સિંહે કહ્યું, 'કોઈક વખત ઓનલાઈન લેક્ચર કંટાળાજનક થઈ જાય છે. જેના લીધે મારું ધ્યાન ભટકી જાય છે. આવું ક્લાસમાં બેસીને ભણીએ ત્યારે નથી થતું.' અન્ય એક વિદ્યાર્થિની પ્રીતિ દેસાઈએ કહ્યું, 'અમુક વખત સ્કૂલ અને ટ્યૂશનના ઓનલાઈન ક્લાસ એક જ સમયે હોય છે. ત્યારે હું ટ્યૂશનમાં ભણી લઉં છું.' આનંદનિકેતન ગ્રુપ ઓફ સ્કૂલ્સના ડાયેક્ટર નેશી ચૌહાણે જણાવ્યું, 'વહીવટી સ્ટાફ ફરીથી ફરજ પર હાજર થયો છે અને સિનિયર વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસ શરૂ કરી દેવાયા છે. અન્ય ધોરણ માટે ૧૮ જૂનથી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે. દરેક બાબતે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને તેનું ધ્યાન રાખવામાં આવે છે. મહારાજા અગ્રસેન વિદ્યાલયના ડાયરેક્ટર શોભા ત્યાગીએ જણાવ્યું કે, 'ઓનલાઈન ક્લાસિસ શરૂ થઈ ગયા છે અને શિક્ષકો જરૂરી કામગીરી તેમના ઘરેથી જ કરી રહ્યા છે.' ઉદ્‌ગમ સ્કૂલના આચાર્યા સુજાતા ટંડને કહ્યું, 'ઓનલાઈન ક્લાસનો ફાયદો એ છે કે વિદ્યાર્થીઓની હાજરી ૯૫-૧૦૦ ટકા હોય છે.

મુલાકાત લેતા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે કુડાસણના જાહેર કરાયેલ કન્ટેનમેન્ટ ઝોનની પણ મુલાકાત લીધી અને પોલીસ અધિકારીઓને તે અંગેની કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

તેમણે કુડાસણા ગ્રામ પંચાયતની મુલાકાત વેળાએ માસ્ક ન પહેરનાર લોકો સામે દંડનીય કાર્યવાહી કરવાની કડક તાકીદ કરી હતી તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવા પણ જણાવ્યુ હતુ.

સુશ્રી દુહાને સુઘડ અને કુડાસણની મુલાકાત લીધા બાદ આગામી દિવસોમાં વધુ ગામોની મુલાકાત લેશે એટલુ જ નહિ પણ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણને અટકાવવા જન જાગૃતિ અભિયાન છેડશે તેવા સંકેતો મળી રહ્યા છે.

સંખ્યા વધી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની સાથે ભારતમાં કોરોનાને મ્હાત કરનારા દર્દીઓની સંખ્યા હવે ૧,૪૦,૪૮૪ થઈ ચૂકી છે. તેની સામે દેશમાં કોવિડ-૧૯ના સક્રિય કેસોની કુલ સંખ્યા ૧,૩૩,૬૩૨ છે. આમ મહામારીને મ્હાત કરીને હોસ્પિટલમાંથી ઘેર જનારા દર્દીઓની સંખ્યા હાલ સારવાર લઈ દર્દીઓની સંખ્યાથી વધારે હોવાની રાહતજનક વાત સૌપ્રથમવાર સામે આવી છે. તેમ છતાં છેલ્લાં કેટલાક દિવસોથી કોરોના વાયરસના નવા ચેપગ્રસ્તોની સંખ્યા ૯,૦૦૦થી પાર સામે આવી રહી છે. આ દરમિયાન દિલ્હીમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૩૧,૩૦૯ થઈ ચૂકી છે. વિતેલા ૨૪ કલાકમાં ૧,૩૩૬ નવા કેસ નોંધાયા છે. તેની સાથે વિતેલા ૨૪ કલાકમાં ૫૦૪ દર્દી સાજા થયા છે. રાજધાનીમાં અત્યાર સુધીમાં કુલ ૧૧,૮૬૧ દર્દીઓ સાજા થઈ ચૂક્યા છે. તેમજ વિતેલા ૨૪ કલાકમાં ૭ દર્દીઓના મોત થતાં દિલ્હીમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંક ૯૦૫ પર પહોંચ્યો છે. દિલ્હીમાં રિકવરી રેટ ૩૭.૮૮ ટકા છે, તો મૃત્યુનો દર ૨.૮૯ ટકા છે.

કઠોર પગલા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લંઘન કરે તો તે ચેતવણી મોકલશે. તેમણે કહ્યું, 'અલગ-અલગ આવાસનો ૧૪-દિવસનો સમયગાળો સમાપ્ત થયા પછી તેનો ફરીથી ઉપયોગ કરી શકાય છે.' ભગતએ કહ્યું કે, જીપીએસ આધારિત ટ્રેકર ખરીદવાની વાત ચાલી રહી છે. આરોગ્ય વિભાગે હજી સુધી તેના પર નિર્ણય લીધો નથી. પંજાબમાં લગભગ ૨૦,૦૦૦ લોકો ઘરોમાં અલગથી રહે છે. આમાં એવા લોકોનો સમાવેશ છે જેઓ અન્ય રાજ્યોથી પરત ફર્યા છે. માર્ગદર્શિકા અનુસાર, ઘરે અલગ રહેતા લોકોએ તેમના મોબાઈલ ફોનમાં કોવા એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડશે જેથી તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવે. એવા અહેવાલો છે કે ઘરમાં અલગ રહેતા ઘણા લોકોએ કોવા એપ ડાઉનલોડ કરી નથી જ્યારે કેટલાક લોકોએ જીપીએસ અને બ્લૂટૂથ ચાલુ કર્યા નથી અને કેટલાક લોકો મોબાઈલ ફોન તેમના ઘરોમાં મૂકી દે છે. રાજ્ય સરકારે કોવિડ-૧૯ વૈશ્વિક રોગચાળાના પ્રસારને રોકવા માટે ઘરે અલગ પાડવાની માર્ગદર્શિકાના ઉલ્લંઘન માટે દંડની રકમ ૫૦૦ રૂપિયાથી વધારીને ૨૦૦૦ રૂપિયા કરી છે.

૨૦૨૦નું છે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરની પરિસ્થિતિ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. આ અંગે રવિશંકર પ્રસાદે કહ્યું કે રાહુલ ગાંધી એ જ વ્યક્તિ છે જેમણે બાલાકોટ હવાઈ હુમલોના પુરાવા પણ માગ્યા હતા. તેમણે કહ્યું કે ચીન વતી આ મુદ્દે ટ્વિટર પર પ્રશ્નો પૂછવા જોઈએ નહીં. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ સમજી લેવું જોઈએ કે ચીન જેવા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર, ટ્વિટર પર પ્રશ્નો પૂછી શકાય નહીં. તેમણે કહ્યું, ×આ એ જ રાહુલ ગાંધી છે જેમણે બાલાકોટ એરસ્ટ્રાઈક અને ૨૦૧૬ના ઉરી હુમલા પર પ્રશ્નો પૂછ્યા હતા.× લેફ્ટનન્ટ જનરલ નીતિન કોહલી, લેફ્ટનન્ટ જનરલ આર.એન.સિંઘ અને મેજર જનરલ એમ.શ્રીવાસ્તવ સહિત ૯ ભૂતપૂર્વ સૈન્ય અધિકારીઓએ પણ નિવેદન જારી કરીને રાહુલ ગાંધીના નિવેદનોને કમનસીબ ગણાવ્યા હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'અમે વરિષ્ઠ સશસ્ત્ર દળ વેટરન્સના જૂથ તરીકે ખોટી વિચારસરણીથી અત્યંત પ્રભાવિત છીએ અને ખોટા સમયે રાહુલ ગાંધીના નિવેદનો અને તેમના ટ્વીટ્સની સખત નિંદા કરીએ છીએ, જેના દ્વારા રાહુલે ભારત-ચીન સરહદ વિવાદ મામલે કાર્યવાહી કરવા અંગે આપણાં સૈન્ય અને સરકાર પર સવાલો ઊભા કર્યા છે.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેનાનું સર્ચ ઓપરેશન હજુ ચાલ